ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૫૭ ટકા

ગાંધીનગર તાપમાન

મનપાની ચુંટણીઓ માટે શહેર ભાજપ સંપૂર્ણ સજ્જ

ભાજપ શહેર પ્રમુખ રૂચિર ભટ્ટે પેજ સમિતિઓની રચના સહિતની તૈયારીઓ અને સમીક્ષાઓનો દૌર હાથ ધર્યો

ગાંધીનગર, તા.૨૩

રાજયના ચુંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ અંગે જાહેરાત કરી દેવામાં આવતાં જ રાજકીય પક્ષો હરકતમાં આવી ગયાં છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓને અનુલક્ષીને શહેર ભાજપ દ્વારા પેજ સમિતિની રચના કરવા સહિતની તૈયારીઓ માટે સમીક્ષા બેઠકોનો દોર આરંભ્યો છે અને સંગઠનને મજબૂત કરવાની કવાયત હાથ ધરી છે.

ગાંધીનગરના ભાજપ મહાનગર એકમ દ્વારા શહેર પ્રમુખ રૂચિર ભટ્ટની અધ્યક્ષતામાં દરરોજ વિવિધ સંગઠનલક્ષી બેઠકોનો દોર ચાલુ છે જે અંતર્ગત આજે વોર્ડ નં.૮ના સેકટર-૪-એ ખાતે પેજસમિતિની રચના અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. મનપાની આગામી ચુંટણીઓને અનુલક્ષીને રૂચિર ભટ્ટે જણાવ્યું હતું કે ભાજપ પાસે કાર્યકર્તાઓની વિશાળ ફોજ ઉપરાંત રાજય તથા કેન્દ્ર સરકારની પ્રજા લક્ષી યોજનાઓનું ભાથું છે તેથી ભાજપનો વિજય નિશ્ચિત છે. આ બેઠકમાં ભાજપ શહેર મહામંત્રી ગૌરાંગ પટેલ, ઉપપ્રમુખો ઉરેન પટેલ, ગૌરાંગ વ્યાસ તથા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ઠંડીની વધઘટ વચ્ચે શહેરમાં ધુમ્મસ છવાયું



ગાંધીનગર, તા.૨૩

શિયાળાની ઋતુમાં ગાંધીનગરનું સૌંદર્ય ખૂબ જ અદભૂત હોય છે. ગાંધીનગર શહેરમાં આજે પુનઃ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને આકાશમાં વાદળો છવાયા હતા. જો કે આ સાથે જ ઠંડીમાં પણ સારો એવો ઘટાડો થયો હતો.

શિયાળાની ઋતુ ચાલી રહી છે પરંતુ ઠંડીમાં સતત વધઘટ ચાલુ રહી છે. આકાશમાં વાદળો છવાય છે તો ક્યારેક હાડ થીજવતી ઠંડી પડે છે. ઉત્તર ભારતમાં થતી હીમવર્ષાની સીધી અસર જાણે અહીં જોવા મળે છે. છેલ્લા બે ત્રણ દિવસના તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો ૨૧મીએ લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડિ.સે. નોંધાયું હતું. જે ગઈકાલે એક જ દિવસમાં ત્રણેક ડિગ્રી જેટલું ગગડીને ૮.૮ ડિ.સે. પર પહોંચ્યું હતું. ઠંડીમાં વધઘટ આજે પુનઃ ચાલુ રહી હતી. ગઈ કાલે કડકડતી ઠંડી પડયા બાદ આજે પુનઃ પારો ઉંચકાયો હતો અને લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે. નોંધાયું હતું. વહેલી સવારે તો આકાશમાં વાદળો છવાયેલાં જોવા મળ્યા હતા. જે ધીમે ધીમે વીખેરાયા હતા. વાદળો સાથે ધુમ્મસ પણ જોવા મળ્યું હતું. ગાઢ ધુમ્મસના કારણે શહેરનું વાતાવરણ એકદમ આહલાદક બની ગયું હતું અને જાણે કોઈ હીલ સ્ટેશન પર આવી ગયા હોઈએ તેવો અહેસાસ થતો હતો.

આજે શહેરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

સેવન વન્ડર્સ હોટલ કુડાસણ ખાતે યોજાનાર આ કેમ્પમાં જોડાવવા સંસ્થા દ્વારા શહેરીજનોને અપીલ

ગાંધીનગર, તા.૨૩

કોરોનાની મહામારી સામે સમગ્રવિશ્વ લડતઆપી રહ્યું છે ત્યારે શહેરીજનોને મદદ અર્થે શહેરના યુવાનો ઘણા સમયથી કાર્યરત રહ્યા છે. આ સમયે ઘણા દર્દીઓને રકતની જરૂર પડી રહી છે અને રકતદાતાની અછત સર્જાતા આ જરૂરિયાતને પહોંચી વળવા માટે શહેરના યુવાનો દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જય જલીયાણ મેડીકલ, સેવન વન્ડર્સ રેસ્ટોરન્ટ, ગુંજ ફાઉન્ડેશન, સંસ્કૃતિ સંસ્થા અને શુભારંભ ફોટોગ્રાફી સ્ટુડીયો દ્વારા આજે યોજાનાર આ કેમ્પ સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન સેવન વન્ડર્સ હોટલ એન્ડ રેસ્ટોરન્ટ નેકઝા શૉ રૂમ પાસે કુડાસણ ખાતે યોજાશે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન સરકાર દ્વારા જાહેર કરાયેલી તમામ ગાઈડલાઈનને અનુસરીને એકત્રિત કરવામાં આવેલ રકતને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મારફતે જરૂરિયાતમંદો સુધી નિઃશુલ્ક પહોંચાડવામાં આવશે. સંસ્થા દ્વારા શહેરના જાગૃત નાગરિકોને રકતદાન કરવા અપીલ કરવા સાથે ખાતરી આપવામાં આવે છે કે આ મેગા બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન રકતદાતાની સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે અને રકતદાતાઓને રજીસ્ટ્રેશન માટે મો. ૯૪૨૯૬ ૧૯૫૨૧, ૯૭૩૭૧ ૭૭૭૭૭, ૮૦૦૦૭ ૨૬૮૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સન્માન સમારોહ યોજાશે

સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી સમાજ સેવકોની ભારતીય જનતા પાર્ટીમાં અગત્યની નિમણુંક તથા સરકારી વકીલ તરીકે નિમણુંક થવા બદલ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર તથા રાજયકક્ષા દ્વારા તા. ૨૫ જાન્યુઆરીના રોજ સાંજે ૪ વાગ્યે સ્વામિ સચ્ચિદાનંદ બ્રહ્મભવન હોલ સે-૧૬ ખાતે સન્માન સમારંભ યોજાશે.

ગેઝીયા દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

કોરોનાના કપરા સમયમાં મહામુલી જીંદગી બચાવવા માટે રકતદાન શિબિર ગેઝીયા અને શ્રધ્ધાદીપ બ્લડબેંક દ્વારા ગેઝીયા ઓફિસ જીઆઈડીસી ખાતે યોજાઈ હતી. જેમાં આશરે ૫૦ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી અને શ્રધ્ધાદીપ બ્લડ બેંક ગાંધીનગર દ્વારા રકતદાતા અને કર્મચારીઓનો એન્ટી બોડી ટેસ્ટ, એચઆઈવી, એચબીએસએજી, એચસીવી, વીડીઆરએલ અને એમપી ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા.

સંસ્થા દ્વારા સર્વે રકતદાતાઓનો આભાર માનવામાં આવ્યો છે તથા ભવિષ્યમાં આવી જરૂરિયાતોને પહોંચી વળવા સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. આ શિબિરમાં સમીરભાઈ ત્રિવેદી, ચાણકયભાઈ પટેલ, નિતેષભાઈ પટેલ અને ડૉ. મહેન્દ્રભાઈ ગજજર હાજર રહ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સંસ્થા દ્વારા સર્વે ગેઝીયા એકઝીકયુટીવ કમિટી, ગેઝીયા સ્ટાફ તથા શ્રધ્ધાદીપ બ્લડ બેંક પરિવારનો આભાર માનવામાં આવ્યો હતો.

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ વિકસાવવા સામે સ્થાનિકોમાં રોષ

ગત વિધાનસભામાં ભાજપના મંત્રી વચન આપીને ફરી ગયા : શેરીઓથી માંડીને સોસાયટીઓના રહીશો અને ભાજપ અગ્રણીઓ પણ ડમ્પીંગ સાઈટના વિરોધમાં જોડાયા

ગાંધીનગર, તા.૨૩

પેથાપુર સ્ટેટ નામનું એ રજવાડું જેણે પાટનગરના નિર્માણ માટે જમીન આપી છે તેની જનતાને ગત વિધાનસભાની ચુંટણી વખતે ભાજપના એક મંત્રી દ્વારા જાહેરમાં વચન આપવમાં આવ્યું હતું કે પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ નહીં બનાવાય અને પેથાપુરની જનતાએ ભાજપને મત આપી જીતાડવા ભૂમિકા ભજવી હતી તે પેથાપુરની જનતા સાથે જાણે વિશ્વાસઘાત કરાઈ રહ્યો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે કેમ કે પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ વિકસાવવાનો નિર્ણય સત્તાધીશો દ્વારા લેવામાં આવ્યો છે. આ બાબતે પેથાપુરની નવનિર્મિત સોસાયટીઓ તથા નગરવાસીઓનો આક્રોશ ફાટી નીકળ્યો છે. આ વિરોધમાં પેથાપુરના ભાજપ અગ્રણીઓ પણ જોડાયા છે.

ગાંધીનગર ઘન કચરાના નિકાલ માટે જે ડમ્પીંગ સાઈટ મંજૂર કરવામાં આવ છે તેના વિરોધમાં પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ, પૂર્વ કારોબારી સમિતિ ચેરમેન જીતેન્દ્રસિંહ, દિલીપસિંહ વગેરે અગ્રણીઓ સાથે પેથાપુર વિસ્તારમાં નવી વિકસેલી સોસાયટીઓ સ્વપ્નવિલા ૧, ૨ અને ૩, જૈન ફલેટ, સ્વપ્ન સ્વર્ગ, આમ્રકુંજ ઉપરાંત પેથાપુરની શેરીઓના રહીશોએ પણ વિરોધનો સુર વ્યકત કર્યો છે. આશરે ૩૦ હજારની વસ્તી ધરાવતા પેથાપુરને ગાંધીનગર મનપામાં જોડી દેવા સાથે નગરમાં જર્જરિત આરોગ્ય કેન્દ્રનું રિનોવેશન કરી ૨૪ કલાક તબીબની સુવિધા મળી રહે, પશુ દવાખાનું પણ કાર્યરત થાય, સારી લાયબ્રેરી સહિતના વિકાસ કાર્યો હાથ ધરાય તેની જરૂર વર્તાઈ રહી છે ત્યારે તંત્રએ ડમ્પીંગ સાઈટ પેથાપુરમાં બનાવી પેથાપુરના નાગરિકોનું આરોગ્ય જોખમમાં મુકવાનું કાર્ય કર્યું છે જેની સામે પ્રજામાં જનાક્રોશ ફાટી નીકળ્યો છે.

ઐતિહાસિક પેથાપુરને ધાર્મિક પર્યટન સ્થળ તરીકે વિકસાવવા સ્થાનિકોની લાગણી

પેથાપુર એક ઐતિહાસિક નગર છે અને જયાં ડમ્પીંગ સાઈટ મંજૂર કરવામાં આવી છે તેની નજીક જ આસ્થાના કેન્દ્ર સમુ આશરે ૭૦૦ વર્ષ જુનું સુખડેશ્વર મહાદેવનું મંદિર અને તેનાથી થોડા અંતરે તેટલું જ પુરાણું જૈન તીર્થ નેમિનાથ દિગંબર દેરાસર જેવા પવિત્ર ધાર્મિક સ્થળો આવેલા છે જયાં શ્રધ્ધાળુઓ નિયમિત દર્શનાર્થે આવે છે. આ સાથે પવિત્ર સાબરમતી નદીને પણ પ્રદૂષિત કરે તેવી ડમ્પીંગ સાઈટ માટે આ જગ્યા કેટલી યોગ્ય ગણાય તેવો સવાલ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. ડમ્પીંગ સાઈટના બદલે પેથાપુરને ધાર્મિક પર્યટન તરીકે વિકસાવવું જોઈએ તેવો મત પણ રજુ કરાઈ રહ્યો છે.

સે-૧૧ના વાણિજિયક વિસ્તારમાં ખૂબ જ અવરજવર વધી ગઈ છે. પરંતુ વાહન પાર્કિંગની સુવિધા ન હોવાથી આડેધડ પાર્કિંગ થાય છે. કયારેક કયારેક અહીં ખૂબ જ ટ્રાફિક જામ જોવા મળે છે.

સે-૨૫ જીઆઈડીસીમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી રીક્ષાની ચોરી થવા પામી છે. લવારપુર ગામના દિનેશ ભુરાભાઈ રાવળે સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે આવેલ સરકીટ સિસ્ટમ ઈન્ડીયા પ્રા.લિ. ખાતે તેઓ છેલ્લા ૧૪ વર્ષથી ફરજ બજાવે છે. નોકરી પર આવવા જવા માટે તેઓ રીક્ષા નં. જી.જે.૧૮.એ.એકસ.-૭૪૫૦ નો ઉપયોગ કરે છે ત્યારે તા.૧૬ ના રોજ સવારે નોકરી પર રીક્ષા લઈને આવ્યા બાદ બપોરે જમવા માટે ગયા હતા. જયારે સાંજના સમયે નોકરી પૂર્ણ કરીને પાર્કીંગમાં રીક્ષા તરફ જોયું તો રીક્ષા ગાયબ હતી. ફરીયાદીએ તાત્કાલીક આસપાસના વિસ્તારમાં રીક્ષાની શોધખોળ આદરી હતી. પરંતુ રીક્ષા મળી આવી ન હતી. જેથી પોલીસે રૂ.૫૫ હજારની રીક્ષા અને ડેકીમાં રહી ગયેલો કીપેડ ફોન કિં.૫૦૦ મળી કુલ રૂ.૫૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાંચ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

પોલીસ વિભાગ દ્વારા તા.૧૦ જાન્યુઆરી થી તા.૯ ફેબુઆરી દરમિયાન નાસતા ફરતા આરોપીને પકડવા માટેની ડ્રાઈવનું આયોજન કરાયું છે. જેથી એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો તે દિશામાં કામગીરી કરી રહ્યા હતા.તે સમયે એએસઆઈ દેવેન્દ્રસિંહ ઈશ્વરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા પોલીસ મથકના પ્રોહીના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી દિપક મહેન્દ્રભાઈ મીણા (રહે.પોગરાકલા ઉદયપુર)ને પકડી પાડ્યો હતો. રેકર્ડ પર તપાસ કરતા તે પાંચ વર્ષથી નાસતો ફરતો હતો.પોલીસે તેની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચિલોડા પાસે ખાનગી બસમાંથી ૧૩૨ બોટલ દારુ મળી આવી

સામાન મુકવાની ડેકીમાંથી પ્લાસ્ટીકના ત્રણ ડ્રમમાંથી વિવિધ બ્રાન્ડની નાની મોટી ૧૩૨ બોટલ મળી આવી

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા-હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા નજીક ખાનગી બસમાંથી વાહન ચેકીંગ દરમિયાન પોલીસને ૧૩૨ બોટલ દારુની મળી આવી હતી. ચિલોડા પોલીસના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા.તે સમયે હિંમતનગર તરફથી ખાનગી લકઝરી બસ આવી હતી. જેમાં પોલીસે ચેકીંગ કર્યું હતું. જેમાં સામાન મુકવાની ડેકીમાંથી પ્લાસ્ટીકના ત્રણ ડ્રમમાંથી વિવિધ બ્રાન્ડની નાની મોટી ૧૩૨ બોટલ મળી આવી હતી. આ ડ્રમ ઉદેપુરની ઓફિસ થી રાજુભાઈ નામના શખ્સે આપ્યા હતા અને અમદાવાદ દિનેશભાઈ નામનો શખ્સ આવીને લઈ જવાના હતા. જેથી ચિલોડા પોલીસે રૂ.૧,૦૭,૪૦૦ ની કિંમતના દારુનો જથ્થો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટનો ઉપયોગ વધ્યો હોવા છતાં હજુ સુધી પુસ્તકોના વાંચનનો ક્રેઝ યથાવત રહ્યો છે. એક ચોકકસ વર્ગ હજુ પણ પુસ્તકો વાંચનનો શોખ ધરાવે છે. સેકટર-૨૬માં રાકેશભાઈ ગોવિંદભાઈ પટેલ દ્વારા દર મહિનાના ચોથા શનિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. વાંચનપ્રેમીઓ ખૂબ જ રસપૂર્વક તેમાં લાભ લઈ પોતાની જ્ઞાન તૃષાને સંતોષે છે.

સરગાસણ ચાર રસ્તા પાસેના અટ્રીયા કોમ્પલેક્ષની જાળીમાં ફસાયેલા કબૂતરોના મોત..!!

કોમ્પલેક્ષની ડિઝાઈનર છત નીચે પક્ષીઓને રોકવા લગાડાયેલી જાળીમાં પાંચેક કબૂતરોના મૃતદેહ : એક કબૂતર જીવતુ પણ જોવા મળ્યુ : કેટલાંક કબૂતરના મૃતદેહ જર્જરિત થયેલાં હોવાનું સ્પસ્ટ દેખાય છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસેના અટ્રીયા કોમ્પલેક્ષમાં બનાવાયેલ ડિઝાઈનર છતમાં કબૂતરો કે અન્ય પક્ષીઓ ના બેસે તે માટે લગાવાયેલી જાળીમાં ફસાઈને આશરે પાંચેક કબૂતર મોતને ભેટ્યાં છે. આ ઉપરાંત એક કબૂતર આ જાળીમાં જીવતુ જોવા મળી રહ્યું છે. એક તરફ જયાં બર્ડ ફ્લુનો વાવર દેશભરમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે શહેરમાં આ કબૂતરોના મોતથી જોખમ ખડુ થવા સાથે પક્ષી પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

સરગાસણ ચાર રસ્તા પાસેના અટ્રીયા કોમ્પલેક્ષમાં વચ્ચેના પેસેજની ઉપર ખૂબ ઉંચાઈ પર બનાવાયેલ ડિઝાઈનર છતની નીચે જાળી લગાડવામાં આવી છે જે પક્ષીઓ બેસે નહી તે માટે લગાડાઈ હોય તેવુ જણાઈ આવે છે. આ જાળી અને છતની વચ્ચેની જગ્યામાં જવા આવવાનો ક્યાંક રસ્તો પડી ગયો હોય જેના કારણે કબૂતરો અંદર પ્રવેશ્યા હોવાની શક્યતા છે જેને પછી બહાર નીકળવાનો રસ્તો ના મળ્યો હોય તેથી જાળીની અંદર જ ભૂખ-તરસથી મોતને ભેટ્યાં હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. નીચેથી જોતા દેખાતા મૃત કબૂતરોમાં બે કબૂતરની ડેડ બોડી જર્જરિત થઈ ગયેલી હોવાનું સ્પષ્ટ દેખાય છે તેથી આ સ્થિતિ થોડાક દિવસો પૂર્વેથી સર્જાઈ હોવાનું ફલિત થાય છે. તેમ છતાં કોમ્પલેક્ષના કોઈ દુકાન કે ઓફિસધારકને અથવા કોમ્પલેક્ષનું મેન્ટેનન્સ સંભાળતા સ્ટાફનું પણ ત્યાં ધ્યાન ગયુ હોવાનું લાગતુ નથી. આ કોમ્પલેક્ષની છત એટલી ઊંચાઈએ છે કે ત્યાં બર્ડ રેસ્ક્યુ કરવા માટે કોઈ સ્વયંસેવક આસાનીથી પહોંચી શકે તેમ નથી તેના માટે ફાયર બ્રિગેડની મદદ વગર તે શક્ય નથી. આ બાબતે કોમ્પલેક્ષના ડેવલોપર હસમુખભાઈ પટેલનું ધ્યાન દોરવામાં આવતાં તેમણે ફાયરબ્રિગેડને જાણ કરવાની તૈયારી દર્શાવી હતી પરંતુ મોડી સાંજ સુધી આ બાબતે ફાયરબ્રિગેડને કોઈ જાણ કરાઈ નહોતી. આ જાળીમાં જીવતું કબૂતર જોવા મળી રહ્યું હતું. જેને શક્ય છે કે આવન-જાવનનો રસ્તો ખબર હોય પરંતુ તેને બચાવવા સાથે જે કબૂતરો મરેલાં પડ્યાં છે તે અંગે ઝડપથી કાર્યવાહી હાથ ધરાય તે જાહેર જનતાના હિત માટે જરૂરી બન્યું છે.



‘‘બર્ડ ફ્લુ’’ના વાવર વચ્ચે કબૂતરોના મોત જોખમી બની શકે

અટ્રીયા કોમ્પલેક્ષમાં છતની જાળી પર કબૂતરો મરેલાં પડ્યા હોવાનું સ્પષ્ટ દેખાતુ હોવા છતાં આ બાબતે બેદરકારી ‘‘બર્ડ ફ્લુ’’ જેવા ઘાતક વાયરસના સંક્રમણના સમયે સમગ્ર શહેર માટે જોખમી સાબિત થઈ શકે છે. આ જાળીની નિચે કોમ્પલેક્ષમાં મુલાકાતીઓની અવરજવર રહે છે તેમજ નીચેના ભાગે ખાણી-પીણી અંગેના રેસ્ટોરન્ટ, ચા-કોફીની દુકાન જેવા વ્યવસાય ચાલી રહ્યાં છે ત્યારે જર્જરીત થઈ રહેલા કબૂતરોના મૃતદેહના અવશેષો સીધા નીચે જ પડી રહ્યા હોવાની શક્યતાથી તે અત્યંત ચિંતાજનક સ્થિતિ સર્જી શકે છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દિલીપસિંહ ગોપાલસિંહ ડાભી, ઉ.વ. ૪૩, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ સોમાભાઈ પટેલ, ઉ.વ. ૬૮, ગોઝારીયા, તા.જી. મહેસાણા
- સ્વ. ગજીબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૬૦, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. સવિતાબેન મગનજી પરમાર, ઉ.વ. ૭૦, રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મિલાપ જમનાદાસ નિમાવત, ઉ.વ. ૬૫, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પટેલ રેવાબેન બળદેવભાઈ, ઉ.વ. ૯૫, સેકટર-૨૬, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. સુથાર સવિતાબેન નરસિંહભાઈ, ઉ.વ. ૮૫, વાવોલ, ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ જેસંગભાઈ ચૌધરી, ઉ.વ. ૬૬, સરગાસણ, ગાંધીનગર